| હવામાન | મહત્તમ | લઘુત્તમ |
|---|---|---|
| નવસારી | ૩૦.૦° સે. | ૨૬.૦° સે. |
| આહવા | ૨૯.૦° સે. | ૨૪.૦° સે. |
| વલસાડ | ૩૦.૦° સે. | ૨૬.૦° સે. |
| વાપી | ૩૦.૦° સે. | ૨૬.૦° સે. |

# નવસારી-વલસાડ-વાપી

ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

નવસારી : ૯૪૨૬૧૮૯૫૩૩ | વાપી : ૯૯૦૯૯૯૫૨૧૧ | વલસાડ : ૯૯૭૯૭૫૫૭૫૫ | દમણ : ૯૯૯૮૯૬૩૨૨૫

ગુરુવાર ૪ સપ્ટેમ્બર, ૨૦૨૫



## પારડીની પાર નદીમાં ભક્તોએ બાપ્પાને વિદાય આપી



અમૃત પટેલ

■ પારડી : પારડી નગરમાં સાત દિવસના ગણપતિજીની પ્રતિમા સાથે ભક્તોએ વિસર્જન યાત્રા કાઢી વાજતે ગાજતે ડીજેના સુરતાલે ઝૂમી ઉઠ્યા હતા. ગણેશ ચતુર્થીના દિવસથી ભક્તો બાપ્પાની પૂજા અર્ચના કરી રહ્યા છે. અનંત ચૌદશ સુધી વિવિધ પંડાલો ઝગમગતા જોવા મળતા પારડી નગર ઝળહળી ઉઠ્યું હતું. પારડી પોલીસ લાઈન ખાતે સ્થાપિત ગણપતિજીની પીઆઇ જી.આર.ગઢવીએ આરતી ઉતારી હતી. વિસર્જન દિને મહાપ્રસાદમાં પોલીસકર્મીઓ અને ભક્તોએ લાભ લીધો હતો. અત્યાર સુધી અંદાજે 400 જેટલી પ્રતિમાઓનું ચંદ્રપુર માંગેલા લાઈફ સેવર ટ્રસ્ટના યુવાનો દ્વારા પારનદીમાં વિસર્જન કરવામાં આવ્યું છે.

# નવસારીમાં નાની મૂર્તિઓનું વિસર્જન કૃત્રિમ તળાવોમાં જ કરવા તંત્રનો અનુરોધ

**મોટી મૂર્તિઓનું જે તે નક્કી કરેલા ઓવારા ખાતે જ વિસર્જન કરવામાં આવે એવી અપીલ**

નવસારી : આગામી તા.૦૬/૦૯/૨૦૨૫ના રોજ ગણેશ વિસર્જનના દિવસે ગણેશજીની મૂર્તિઓનું વિસર્જન કરવામાં આવનાર છે. જેને લઈ જિલ્લા વહીવટી તંત્ર, નવસારી દ્વારા નવસારી જિલ્લાના તમામ નાગરિકોને અપીલ કરવામાં આવી છે કે, આ દિવસે નાની મૂર્તિઓનું વિસર્જન વહીવટી તંત્ર દ્વારા બનાવવામાં આવેલા કૃત્રિમ તળાવોમાં જ વિસર્જીત કરવામાં આવે. ઉપરાંત મોટી મુર્તિઓનું જે તે નકકી કરેલા ઓવારા ખાતે જ વિસર્જન કરવામાં આવે. તેમજ ધ્વનિ પ્રદુષણ અંગે પ્રસિધ્ધ કરવામાં આવેલા જાહેરનામાનું ચુસ્તપણે અમલવારી કરવા માટે પણ સૌ નાગરીકોને અપીલ કરવામાં આવી છે. વહીવટી તંત્રને આ કામગીરીમાં સાથ અને સહકાર આપવા નિવાસી અધિક કલેક્ટર નવસારીની અખબારી યાદી મારફત અનુરોધ કરવામાં આવ્યો છે.

## ગણેજીની મૂર્તિઓમાં તુલસી, જામફળ, આમલી, ચીકુના બીજ મૂકવામાં આવ્યા જેથી વિસર્જન પછી તેમાંથી છોડ ઉગી શકે



ગિરીશ ભોયે

■ સાપુતારા : ડાંગ જિલ્લાનાં વઘઈની કોસમાળ શાળાનાં વિદ્યાર્થીઓએ ગણેશ ચતુર્થી નિમિત્તે માટીમાંથી ઇકો-ફ્રેન્ડલી ગણેશજીની મૂર્તિઓ બનાવી હતી. શિક્ષકોની મદદથી બાળકોએ સર્જનાત્મકતા શક્તિનો ઉપયોગ કરીને ગણેજીની સુંદર મૂર્તિઓ બનાવી હતી. આ સાથે જ મૂર્તિઓમાં તુલસી, જામફળ, આમલી, ચીકુ અને આસોપાલવ જેવા વૃક્ષોના બીજ પણ મૂકવામાં આવ્યા હતા, જેથી આ મૂર્તિઓનું વિસર્જન થાય ત્યારે તેમાંથી છોડ ઉગી શકે, આચાર્ય વિમલ પટેલે જણાવ્યું કે, આ પ્રવૃત્તિનો હેતુ બાળકોમાં ધાર્મિકતાની સાથે સાથે પર્યાવરણ અને વિજ્ઞાનની સમજ કેળવવાનો છે. વિસર્જનના દિવસે, બાળકોએ ભારે હૈયે ગણેશજીને વિદાય આપી હતી. આ ઇકો-ફ્રેન્ડલી પહેલ દ્વારા બાળકોને પર્યાવરણની સુરક્ષાનું મહત્ત્વ સમજાવાયું હતુ. શાળાના પરિસરમાં જ આ મૂર્તિઓનું વિસર્જન કરાયુ હતુ, જેથી તેમાંથી છોડ ઉગી શકે અને ગણેશ ઉત્સવની ઉજવણી સાચા અર્થમાં સાર્થક થઈ શકે.

# વલસાડ જિલ્લા-તાલુકા કક્ષાના શ્રેષ્ઠ શિક્ષકનો એવોર્ડ જાહેર

**ચાવ શાળા પ્રા. શાળાની શિક્ષિકા સોનાલી ટંડેલ અને વરવઠના શિક્ષક મયુર ટંડેલને તાલુકા કક્ષાનો એવોર્ડ મળ્યો**

**જિલ્લા કક્ષાના શ્રેષ્ઠ શિક્ષક એવોર્ડ વિજેતા**

■ તૃપ્તિ પટેલ (પ્રાથમિક શિક્ષક તિસ્કરી જંગલ શાળા, કપરાડા) ■ નેહલ ઠાકોર (બીઆરસી. કોઓર્ડીનેટર, ધરમપુર) ■ ડિમ્પલકુમારી પટેલ (માધ્યમિક શિક્ષક, સરકારી શાળા, મગોદ ડુંગરી) ■ વિનોદ ધોડી (ઉચ્ચતર મા.શિક્ષક, સરકારી શાળા, ગોવાડા-ઉમરગામ)

**તાલુકા કક્ષાના શ્રેષ્ઠ શિક્ષક એવોર્ડ વિજેતા**

■ ધર્મિષ્ઠા પટેલ (ખોખરા પ્રાથમિક શાળા, વલસાડ) ■ અંજના પટેલ (પૂર્વ વિભાગ શાળા, ડુંગરી) ■ ઋચિ દેસાઈ (કુમાર શાળા, પારડી) ■ જાગૃતિ પરમાર (ડુંગરા મુખ્યશાળા, વાપી) ■ પ્રીતિ પટેલ (ફનસા માછીવાડ શાળા, ઉમરગામ) ■ મયુર ટંડેલ, (વરવઠ શાળા, કપરાડા) ■ સોનાલી ટંડેલ (ચાવશાલા શાળા, કપરાડા)

વલસાડ : વલસાડ જિલ્લા અને તાલુકા કક્ષાના શ્રેષ્ઠ શિક્ષક પારિતોષિક સમારોહમાં કપરાડા તાલુકાએ ડંકો વગાડ્યો છે. જિલ્લા કક્ષાના એવોર્ડમાં 1 અને તાલુકા કક્ષાએ 2 એવોર્ડ મેળવ્યા છે. જ્યારે જિલ્લાના કુલ 12 શિક્ષકને 5મી સપ્ટેમ્બરે વલસાડ સરસ્વતી ઈન્ટરનેશનલ સ્કૂલ ખાતે સવારે 9.30 કલાકે યોજાનાર સન્માન સમારોહમાં સન્માનિત કરાશે, સાથે પ્રતિભાશાળી વિદ્યાર્થીઓ, 100 ટકા પરિણામ ધરાવતી સ્કૂલોનું પણ સન્માન કરાશે.

સમારોહના અધ્યક્ષ તરીકે નાણાં મંત્રી કનુભાઈ દેસાઈ, મુખ્ય મહેમાન તરીકે સાંસદ ધવલ પટેલ અને જી. પં.પ્રમુખ મનહર પટેલ સહિત અધિકારીઓ હોદ્દેદારો ઉપસ્થિત રહેશે. ડીઈઓ રાજશ્રી ટંડેલ અને ડીપીઓ ડી.બી.વસાવા સહિત સમગ્ર ટીમ સમારોહને સફળ બનાવવા જહેમત ઉઠાવી રહી છે.

# વલસાડના મોટાબજારમાં 62,200 ચલણી સિક્કાથી બનાવેલી બાપ્પાની મૂર્તિ

**વિસર્જન બાદ રૂપિયા 67,000ના સિક્કાની તરવૈયાઓમાં વહેંચણી કરાશે**



વલસાડ: વલસાડમાં મોટા બજાર ખાતે ચલણી સિક્કાથી બનાવાયેલી ગણપતિ બાપ્પાની મૂર્તિ આકર્ષણનું કેન્દ્ર બની છે. શ્રી અષ્ટવિનાયક યુવક મંડળ દ્વારા ગણપતિ બાપ્પાની રૂ.67,000 ના સિક્કાથી મૂર્તિ બનાવવામાં આવી છે.

આ મૂર્તિ બનાવવા માટે મંડળ દ્વારા એક રૂપિયાના 61,000 સિક્કા તથા પાંચ રૂપિયાના 1200 જેટલા સિક્કા મળીને કુલ રૂ.67,000ના સિક્કાથી મૂર્તિ બનાવવામાં આવી છે. આ મૂર્તિ જોવા માટે લોકો દૂર દૂરથી આવે છે.

જ્યારે આ સિક્કાવાળી મૂર્તિ બાબતે મંડળના સભ્યોને પૂછતાં તેઓએ જણાવ્યું હતું કે, આ મૂર્તિનું વિસર્જન અનંત ચૌદસના દિવસે કરવામાં આવશે.

જ્યાં તેઓ મૂર્તિ કેનમાં બેસાડવા પહેલાં મૂર્તિને નેટથી બાંધી પાણીમાં વિસર્જન કર્યા બાદ બાપાની મૂર્તિ પીગળી જશે. ત્યારબાદ તમામ સિક્કાઓ નેટમાંથી બહાર કાઢીને, છેલ્લા દોઢ દિવસથી ઔરંગા નદીમાં ગણપતિ બાપાનું વિસર્જન કરતાં તરવૈયાઓને આ તમામ સિક્કાઓ વહેંચી દેવામાં આવશે.

## સંક્ષિપ્ત સમાચાર

### ઓપરેશન સિંદૂર' થીમના આબેહૂબ દ્રશ્યો ઉમરગામ પોલીસ સ્ટેશનના ગણેશ પંડાલમાં જીવંત કરાયા



ઉમેશ સોલંકી

ઉમરગામ : ઉમરગામ તાલુકાના ફણસા ગામના દશમૂળીના ગણપતિ પંડાલમાં ઓપરેશન સિંદૂરની થીમનું ડેકોરેશન સૌપ્રથમ બનાવવામાં આવ્યું હતું. આ થીમ લોકોમાં ખુબ જ આકર્ષણનું કેન્દ્ર બનતા આ ગણપતિ સ્થાપના માત્ર અઢી દિવસની હોવાથી વિસર્જન બાદ આ ડેકોરેશન ઉમરગામ પોલીસ સ્ટેશનના ગણેશ પંડાલમાં પ્રદર્શિત કરવામાં આવ્યું છે. ગણપતિ બાપાની મૂર્તિ પાછળ વિશાળ અશોકચક્રનું નિર્માણ કરવામાં આવ્યું છે. આ ડેકોરેશનમાં રડાર, હેલિકોપ્ટર, ભારતીય સેનાના વીર જવાનો, ટેન્ક, રાઈફલ, હાઈડ-આઉટ અને આઉટ પોસ્ટના કટઆઉટ નહીં પરંતુ આબેહૂબ થ્રી-ડી રેપ્લિકાઓ બનાવવામાં આવી છે. આ દરેક રેપ્લિકાઓ બેટરી અને વીજળીથી મુવમેન્ટ પણ કરે છે જેથી 'ઓપરેશન સિંદૂર'ના આબેહૂબ દ્રશ્યો આંખો સામે જીવંત થાય છે. આ ડેકોરેશન કરનાર ફણસા ગામના હેતલકુમર સતીશચંદ્ર પટેલે 'ઓપરેશન સિંદૂર' થીમ કેમ પસંદ કરી તે જણાવતા કહ્યું હતું કે, તેઓ ભારતીય સેનાના પરાક્રમો પ્રદર્શિત કરી લોકોમાં દેશભક્તિ જગાવવા ઈચ્છે છે. તેથી કટઆઉટ નહીં પણ દરેક વસ્તુની રેપ્લિકા ઉભી કરી છે. દર વર્ષે જન-જાગૃતિની વિવિધ થીમ ઉપર ગણેશ પંડાલનું ડેકોરેશન કરવામાં આવે છે.

### ચીખલીમાં ગણેશ મહોત્સવને લઈને ઇદે મિલાદનું ઝુલુસ રવિવારે યોજાશે



ધર્મેશ પટેલ

ઘેજ : ચીખલીમાં ગણેશ મહોત્સવને લઈને મુસ્લિમ સમાજ દ્વારા ઇદે મિલાદનું ઝુલુસ રવિવારના રોજ યોજવાનું નક્કી કરી કોમી એકતા અને ભાઇ ચારાની ભાવના જળવાઇ રહે તે માટે અનોખી પહેલ કરવામાં આવી છે. ચીખલી સુની મુસ્લિમ જમાતની હઝરત અબરાર અહેમદ કાદરી, હમીદભાઇ દભાડ, મકબુલભાઇ દભાડ સહિતનાની ઉપસ્થિતિમાં યોજાયેલી બેઠકમાં શુક્રવારે ઇદે મિલાદના દિવસે મસ્જિદમાં જ તેમના કાર્યક્રમ યોજી ઝુલુસ શુક્રવારના સ્થાને રવિવારના રોજ યોજવાનું આયોજન કરવામાં આવ્યું છે. રવિવારે સવારે ઇદે મિલાદના ઝુલુસનું પ્રસ્થાન કરવામાં આવશે. જોકે ચીખલીમાં ધાર્મિક કાર્યક્રમોમાં ઘર્ષણના બનાવ બનતા નથી મકબુલભાઇ દભાડના જણાવ્યાનુસાર આ વખતે ઇદે મિલાદનો તહેવાર ગણેશ મહોત્સવ દરમ્યાન આવતો હોય ગામમાં ભાઇચારાની ભાવના જળવાઇ રહે તે માટે રવિવારે ઝુલુસ યોજવાનું અમારા સુની મુસ્લિમ જમાત દ્વારા નક્કી કરવામાં આવ્યું છે. નૈનેશભાઇ કાયસ્થના જણાવ્યાનુસાર ચીખલીના મુસ્લિમ સમાજ દ્વારા રવિવારના રોજ ઇદે મિલાદનું ઝુલુસ યોજવાનો ખૂબ સારો નિર્ણય કરવામાં આવ્યો છે. જેને અમે આવકારીએ છીએ.

# તેજલાવ પાસે કારમાંથી રૂપિયા 2.57 લાખનો દારૂ ઝડપાયો

**ચીખલી પોલીસે 5.07 લાખનો સામાન જપ્ત કરી અન્યોને વોન્ટેડ જાહેર કર્યા**

ઘેજ : ચીખલી પોલીસે તેજલાવથી રૂપિયા ૨.૫૭ લાખના દારૂ સાથે કાર મળી કુલ રૂપિયા ૫.૦૭ લાખનો મુદ્દામાલ કબ્જે કરી ચાલક તેમજ અન્યોને વોન્ટેડ જાહેર કરી વધુ તપાસ ચીખલી પોલીસ કરી રહી છે.

ચીખલી પોલીસના પીએસઆઇ-એફ.એચ.પટેલ, બી.સી.ગઢવી, હે.કો-મહેન્દ્રભાઈ નેભાભાઈ, યુવરાજસિંહ જુવાનસિંહ, પો.કો-ગણેશ ઈશ્વરભાઈ સહિતનો સ્ટાફ પેટ્રોલિંગમાં હતો. દરમ્યાન પૂર્વ બાતમીના આધારે બલવાડા ઓવરબ્રિજ પાસે વોચ ગોઠવતા બાતમી મુજબની ટાટા ટીઆગો કાર નં જીજે-૧૫-સીએન-૭૧૪૧ આવતા જેને ઉભી રાખવાનો ઈશારો કર્યો હતો. જેને પગલે કાર ચાલકે પોલીસની નાકાબંધી જોઈ કાર બલવાડાથી તેજલાવ તરફ પુરઝડપે હંકારી લઈ જઇ વેઠીયાવાડ ફળીયા ખાતે રોડની સાઈડે ઝાડ સાથે અથડાવી દઈ ઝાડી-ઝાંખરામાં નાસી ગયો હતો. પોલીસે કારની તલાસી લેતા અંદરથી વિદેશી દારૂની નાની મોટી બોટલ ૯૧૨ કિં. રૂ.૨,૫૭,૨૮૦, કારની રૂપિયા ૨,૫૦,૦૦૦ મળી કુલ રૂપિયા ૫,૦૭,૨૮૦ નો મુદ્દામાલ કબ્જે કરી ચાલક તથા ગુનામાં સંડોવાયેલા શખ્સોને વોન્ટેડ જાહેર કરી વધુ તપાસ પીએસઆઈ-એફ. એચ.પટેલ કરી રહ્યા છે.

# કાવેરી નદીના રિવરફ્રન્ટ ઉપર એક જ સ્થળે મૂર્તિઓના વિસર્જનથી અવ્યવસ્થા સર્જાવાની ભીતિ

**ચીખલીના કાવેરી નદીનો લો-લેવલ પુલ બંધ કરી દેવાતા આ વર્ષે પણ ક્રેનથી મોટી મૂર્તિઓનું વિસર્જન એક જ ઓવારેથી કરાશે**

### નાની મૂર્તિનું ઓવારા પરથી અને મોટી મૂર્તિનું કાવેરી નદીના જૂના બ્રિજ પાસેથી વિસર્જન કરાશે

વિહીપના પ્રમુખ હર્ષદ પંડ્યાએ જણાવ્યુ હતુ કે બપોરની મિટીંગમાં એક જ ઓવારા પરથી ગણેશજીની પ્રતિમાનું વિસર્જન કરવાનું નક્કી કરાયુ હતું. પરંતુ ઓવારા પર અવ્યસ્થા ઊભી થવાના સંજોગોમાં વિહીપ, બજરંગ દળેતંત્ર સાથે સાંજે ફરી ચર્ચા કરતા નાની મૂર્તિનું ઓવારા પરથી અને મોટી મૂર્તિનું કાવેરી નદીના જૂના લો-લેવલ બ્રિજ પાસેથી કરવાનું તંત્ર દ્વારા નક્કી કરવામાં આવ્યું છે.

ઘેજ: ચીખલીમાં પ્રાંત અધિકારીની ઉપસ્થિતિમાં ગણ્યાગાંઠ્યા મંડળો સાથે યોજાયેલી બેઠકમાં કાવેરી નદીના રિવર ફ્રન્ટ ઉપર એક જ સ્થળે નાની-મોટી મૂર્તિઓનું વિસર્જન કરવાનું આયોજન કરાતા રાત્રિ દરમ્યાન ભારે અવ્યવસ્થા સર્જાવાની ભીતિ સેવાઇ રહી છે. કાવેરી નદીનો લો-લેવલ પુલ બિસ્માર થતાં માર્ગ મકાન દ્વારા બંધ કરી દેવાતા ક્રેનથી કરાતું મોટી મૂર્તિઓનું વિસર્જન પણ આ વર્ષે એક જ ઓવારાથી કરવામાં આવશે.

ચીખલીમાં કાવેરી નદીના રિવરફ્રન્ટ ઉપર ચીખલી, સમરોલી, મજીગામ, થાલા, સાદકપોર-ગોલવાડ, ખૂંધ સહિતના ગામોના બાપાની મૂર્તિઓનું વિસર્જન કરાતું હોય છે. ચાલુ વર્ષે અંદાજે ૯૦ નાની અને ૧૪ મોટી મૂર્તિઓનું વિસર્જન થનાર છે.

ચીખલીમાં નાની મૂર્તિઓનો રૂટ વાણીયાવાડ સહિત બજારમાંથી હોય છે. જ્યારે મોટી મૂર્તિઓનો રૂટ બજાર બહાર મુખ્ય રસ્તા પરથી હોય છે. અને મોટી મૂર્તિઓનું વિસર્જન કાવેરી નદીના જુના લો-લેવલ પુલ પરથી ક્રેઈન મારફતે કરાતું હોય છે. પરંતુ ગંભીરા પુલ દુર્ઘટના બાદ માર્ગ મકાન દ્વારા સ્ટેબેલીટી રિપોર્ટ નેગેટીવ આવતા માર્ગ મકાન દ્વારા બંને છેડે પતરા મારી આ પુલ બંધ કરી દેવાયો છે.


આ દરમ્યાન પ્રાંત અધિકારીની ઉપસ્થિતિમાં ગણ્યાગાંઠ્યા મંડળો સાથે જોડાયેલા પ્રતિનિધિઓ સાથેની બેઠકમાં કાવેરી નદીના રિવર ફ્રન્ટના ઓવારા પાસે એક જ સ્થળેથી નાની-મોટી મૂર્તિઓનું વિસર્જન કરવાનું આયોજન કરાતા બજારમાંથી નાની મૂર્તિઓની વિસર્જન યાત્રા એક જ સ્થળે ભેગી થવા સાથે ભારે અવ્યવસ્થા સર્જાવાની વકી છે.

# દમણથી જૂનાગઢ લઈ જવાતો 19.74 લાખના દારૂ સાથે ત્રણની ધરપકડ

બીલીમોરા : દમણથી જૂનાગઢ ટ્રકમાં દારૂની જઈ રહ્યાની બાતમીના આધારે ગણદેવી પોલીસે ખારેલ ઓવરબ્રિજનાં દક્ષિણ છેડે વોચ ગોઠવી હતી. તે વેળા જતી અશોક લેલેન્ડ ટ્રકને રોકી તલાસી લેતા રૂપિયા ૧૪,૫૯,૨૦૦ ની વિદેશી દારૂ બોટલ નં. ૭૬૯૨ મળી આવી હતી. ટ્રક રૂપિયા ૫ લાખ, ત્રણ મોબાઈલ મળી રૂપિયા ૧૯,૭૪,૨૦૦ નો મુદ્દામાલ કબ્જે લીધો હતો. આરોપી માનભાઈ શિંગડ, પ્રવિણ બાંભણીયા અને પરેશભાઈ મનુભાઈ શિંગડ (ત્રણેય રહે. રામેશ્વર, પોસ્ટ, સામતેર, તા. ઉના, ગીર સોમનાથ)ની ધરપકડ કરી હતી. અને જથ્થો મંગાવનાર મોહિત આંબલીયા (રહે. જામનગર) તેમજ જથ્થો ભરી આપનાર બે અજાણ્યા મોટર સાયકલ ચાલકોને વોન્ટેડ જાહેર કરાયા હતા. ગણદેવી પીઆઈ વીજી ભરવાડ વધુ તપાસ કરી રહ્યાં છે.





**નિશા, અનય, રિયા દેસાઈ,** તિથલ રોડ ના રાજા.



**ધર્મેશ પટેલ,** બાલ ગણેશ પ્રગતિ મંડળ, ગોયંદી, બીલીમોરા.



**ડિમ્પલ, અર્પિતા, ટિકલ, પ્રિતિ,** શ્રી કેશવ આશ્રમ શાળા, ખાંભલા, વાંસદા.



**પાર્થ ધિમ્મર,** બેહેસ્તખડા માછીવાડ, વરૂં ફળિયું, નવસારી.



**જહોન પટેલ,** મિત્ર મંડળ, બહુચર મંદિર પાસે, નવસારી.



**ઉન્નતી નિકુંજ પટેલ,** મહેતા ફળિયા, તલિયારા, ગણદેવી.



**ડો.રોહિત સી પટેલ,** તાલીમ ભવન,, એરૂ ગામ, જલાલપોર, નવસારી.



**શ્રેયસી સુકાની,** મલીયાધારા ના રાજા, મલીયાધારા, ચીખલી, નવસારી.